કોરોનાને ટેસ્ટ એક વાર પોઝીટીવ આવે તો તેને પોઝીટીવ જ ગણવો...

(કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા પછી સરકાર તથા ખાનગી લેબોરેટરીમાં બીજી વખત પણ પોઝીટીવ જ આવે?)

(કોરોનાનો રિપોર્ટ એક લેબોરેટરી અથવા સરકારી લેબમાં અથવા ખાનગી લેબોરેટરીમાં નેગેટીવ આવ્યો હોય તો બીજા દિવસે પોઝીટીવ આવી શકે?)

(કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ હોય પછી રિપોર્ટ નેગેટીવ થાય એવી રાહ જોવાની?)

રાત્રે ૧૧ વાગ્યે ગાંડાભાઈને ઊંઘ નહોતી આવતી. કોરોનાના ડરામણા સપના આવતા હતા. કોરોના થયો હોય એવું લાગે છે. તાવ આવ્યો છે, અશક્તિ લાગે છે. ગળામાં દુઃખે છે, કંઈક સમજાતું નથી, મને કોરોના થઈ જશે તો મારા ઘરની હાલત શું થશે. મારા છોકરા અને કુટુંબનું શું ? અને મને થશેઅને મારા આખા કુટુંબને થઈ જશે. મારા ધંધાનું શું ? મને શું થાય છે કંઈ ખબર નથી પડતી. જેના ઘરમાં કોરોનાથી એક માણસ મૃત્યુ પામ્યો હોત એવા ઘરમાં જઈને પૂછો એ ઘરની હાલત શું હોય. કોઈનો બાપ ગયો, કોઈકની મા ગઈ, કોઈકનો છોકરો ગયો. આખું કુટુંબ ખેદાન-મેદાન થઈ જાય. સરકારને શું ફરક પડે... કોઈને શું ફરક પડે... જેના ઘરમાં કોરોના થયો એને જ ખબર પડે ભાઈ.... મને બચાવો.... મને બચાવો... એવી જોરજોરથી સપનામાં ગાંડાલાલ બકતા હતા.

ગાંડાભાઈના પત્ની મધુબેન ડાહ્યાભાઈને ફોન કરીને બોલાવ્યા. જુઓને ડાહ્યાભાઈ, આ તમારા ભાઈને કંઈક થઈ ગયું છે... ઊંઘમાં બુમો પાડે છે. ડાહ્યાભાઈ દોડતા આવ્યા. ગાંડાભાઈને જગાડ્યા. ગાંડાભાઈઓ ગાંડાભાઈ, ગાંડાભાઈ એકદમ ઊંઘમાં હતા. ડાહ્યાએ લોટો ભરીને પાણી ગાંડાભાઈના મોં ઉપર છાંટ્યું...ગાંડાભાઈએ કહ્યું, અરે... ડાહ્યાભાઈ, અડધી રાતે મારા ઘરે. ડાહ્યાભાઈએ કહ્યું મધુભાભીએ ફોન કર્યો એટલે આવ્યો... મધુ ભાભી કહે છે કે તમે ઊંઘમાં જોરશોરથી બૂમો મારતા હતા. ગાંડાભાઈ નવાઈ સાથે ડાહ્યાભાઈના સામે જોઈ રહ્યા... મેં તો કોઈ બૂમ પાડી નથી હું તો શાંતિથી સુઈ રહ્યો હતો. ડાહ્યાભાઈએ કહ્યું આવું થાય ગાંડાભાઈ...!

ગાંડાભાઈ આવું બને... આખો દિવસ આના આજ વિચારો આવતા હોય લોકો જયાં જુઓ ત્યાં કોરોના જ કોરાના સાંભળ્યા કરતાં હોય ત્યારે આવું બને... હોસ્પિટલોમાં જગ્યા નથી. જેના ઘરમાં જે લોકો કોરોનાથી અવસાન થયા તેમના કુટુંબની વ્યથા અને દશા બહુ દયામણી છે. લોકોના ધંધા બંધ થઈ ગયા છે. લોકોની નોકરી જતી રહી છે. ચારેબાજુ હાહાકાર છે ત્યારે આવું બને... પણ હિંમત રાખવી!

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

ડાહ્યાભાઈ ગાંડાગેલા નહીં થઈ જવાનું. સરકાર ખુબ મહેનત કરી રહી છે. ડૉકટર અને પેરા મેડિકલ સ્ટાફ બહુ મહેનત કરી રહ્યો છે. હવે થોડાક જ વખતમાં પાછા સારા દિવસો આવી જશે. ચાલો, હું જવું ગાંડાભાઈ. ગાંડાભાઈએ કહ્યુ ના હવે બેસો જ... અરે ઓ મધુ, ઓ મધુ. પેલી ટાટાની સ્પેશિયલ ચા દુબઈથી લાવ્યા હતા એ કાઢ જે ભારતમાં નથી મળતી. એમાં આદુ નાખી મજા આવી જાય એવી ચા બનાવ. અરે ગાંડાભાઈ અત્યારે ભાભીને હેરાન ના કરવાના હોય. ના, ના એમાં હેરાનગતિ શું? એ તો મધુની ફરજ છે. ના, ગાંડાભાઈ તમે જાતે પેલી ટાટા-બાટાની ચા તમે બનાવો.... ના... હોય... તો મારે પીવી છે. ચલો આપણે બંને ભેગા થઈને ચા બનાવીએ અને ભાભીને પીવડાવીએ. ગેસ ઉપર પાણી મૂકી ચા-ખાંડ નાખી. પાણીને બરાબર ગરમ કર્યું. સરસ સુગંધ આવ્યા પછી તેમાં દૂધ નાખ્યું. ચાનો થોડો સમય ઉકળવા દઈને તેમાં તાજું વાટેલું આદું નાખ્યું. અને પાંચ મિનિટ ઉકાળ્યા પછી ચાને ગાળીને કપમાં ભરીને, હીંચક ઉપર બેસીને ચાની ચુસ્કીઓ લેતા લેતા બંને આનંદથી ચાનો ગરમાવો અનુભવી રહ્યા.

અરે, ડાહ્યાભાઈ યાર આજકાલ તો બહુ તકલીફ છે. પેલા મહેશભાઈનો ટેસ્ટ એક લેબોરેટરીમાં પોઝીટીવ આવ્યો. અને બીજી લેબમાં ખરાઈ કરાવા ગયા ત્યાં નેગેટીવ આવ્યો. સાલુ સાચું શું? સાલા કોરોના જેવા ટેસ્ટમાં લેબોરેટરીવાળા મજાક કરે છે. શું સાચું યાર?! આ લોકોને કોઈ સ્ટાન્ડર્ડ છે કે નહીં, કોઈ કહેવા વાળું છે કે નહીં ? કોણ સાચું ? એકવાર કોરોના તરીકે તમે જાહેર થઈ જાવ પછી તમે ઘરમાંથી બહાર ના નીકળી શકો. કોઈ ડૉકટર તમને જોવે નહીં. એક જ મિનિટમાં તમારી દુનિયા બદલાઈ જાય. કોઈ તમને બોલાવવા તૈયાર થાય નહીં, અડવા તૈયાર થાય નહીં, કોઈ ડૉકટર સારવાર માટે તૈયાર થાય નહીં, તમારા ઘર ઉપર સરકારી લાલ-ચિઠ્ઠો વાગી જાય, તમારા ઘરે કોઈ આવે નહીં.

એક જ રિપોર્ટના આધારે બધા જ માણસો તમને ભયભીત નજરે જોવા માંડે છે. હવે એમ વિચારો કે જો તમારો રિપોર્ટ નેગેટીવ આવે તો આના આજ માણસો તમને ઘરે વરગાડે. ગાંડાભાઈ તમારી વાત સાચી ! હમણાં મારા એક નજીકના સગામાં થયું. અમે સિંગાપોર જવાના હતા. એમને સસકારી નિયમ પ્રમાણે કોરોનાનો ટેસ્ટ કરાવ્યો. જો ટેસ્ટ નેગેટીવ હોય તો જ વિમાનમાં બેસવા દે. લેબવાળાએ કહ્યું બે કલાકમાં રિપોર્ટ આવી જશે. અમારા સંબંધી એરપોર્ટ ઉપર પહોંચી ગયા. અને એરપોર્ટની અંદર બોડિંગ પાસ લેવા જતા હતા ત્યાં જ લેબમાંથી રિપોર્ટ આવ્યો કે તમે કોરોના પોઝીટીવ આવ્યા. સાહેબ... શું દશા થાય...!? એરપોર્ટ ઓથોરિટીને ખબર પડી કે આ ભાઈ કોરોના પોઝીટીવ છે. કારણ કે, આરોગ્ય સેતુ એપમાં એ દેખાયું. એરપોર્ટવાળાએ એમને નજરકેદ કર્યા અને હોમ કોરન્ટાઈન કરાવી દીધા. અગત્યનું કામ બાજુમાં ગયું. પણ ગાંડાભાઈ તમારા પ્રશ્ન પર આવું. એકવાર કોરોના પોઝીટીવ આવે એટલે પોઝીટીવ જ માનવાનું. કારણ કે નાકમાંથી અને ગળામાંથી બરાબર સેમ્પલ લેવાયું હોયતો જ ટેસ્ટ પોઝીટીવ આવે અને લેબોરેટરી બે વાર ચકાસીને જ પોઝીટીવ જાહેર કરે છે. કારણ કે કે આ ટેસ્ટ PCR થી થાય છે. એટલે ખોટો તો જ ના હોઈ શકે. હવે વાત બીજી લેબોરેટરીમાં નેગેટીવ આવ્યો એનું શું ? તો એમાં એક તો મોટી ભૂલ જેણે ગળામાંથી અને નાકમાંથી સેમ્પલ લીધું હોય એને બરાબર ના લીધું હોય તો જ આવું બની શકે. અને હા, સેમ્પલ બરાબર લેવાયું હોય અને વાયરલનો લોર્ડ ઓછો હોય ત્યારે શક્યતા ઓછી છે. પણ કદાચ બે વાર રિપીટ કર્યા પછી કન્ફર્મેશન ન મળતું હોય તો ટેસ્ટ નેગેટીવ જલ્દી જાહેર થાય. એટલે કોઈ પણ જગ્યા પર કોરોનાનો ટેસ્ટ પોઝીટીવ આવે તો પોઝીટીવ જ માનવો.

હવે ગાંડાભાઈ બીજી વાત કોરોનાનો ટેસ્ટ નેગેટીવ આવ્યો હોય અને લક્ષણ કોરોના જેવા જ હોય તો ફરી ટેસ્ટ કરાવવો જોઈએ. ઘણા એવા દાખલા બન્યા છે બે વાર નેગેટીવ આવેલા ત્રીજી વાર પોઝીટીવ આવે... પણ ગાંડાભી ધ્યાન રાખો. એકવાર પોઝીટીવ આવ્યો તો પોઝીટીવ જ માનવો જોઈએ.

ગાંડાભાઈ હવે બાર વાગી ગયા છે હું તમને ટૂંકમાં કહી એકવાર કોરોનાનો ટેસ્ટ પોઝીટીવ આવ્યો હોય પછી ૧૪ દિવસ સુધી તાવ, ઉધરસ કે અશક્તિ ન હોય તો ફરિવાર ટેસ્ટ કરાવવો નહીં એટલે કે એક વાર ટેસ્ટ કરાવ્યા પછી સાતથી દસ દિવસમાં ખરાબ સપનુ માની ભુલી જવાનું. કારણ કે એવા દાખલા બન્યા કે એકવાર પોઝીટીવ આવેલા રિપોર્ટ એક મહિના સુધી પોઝીટીવ આવતા હોય છે. એટલે ૧૪ દિવસ પછી રાબેતા મુજબનું જીવન જીવવાનું... માણવાનું પછી રિપોર્ટ કરાવવાની આવશ્યકતાના નથી. ઘણા સરકારી અથવા તો ખાનગી કંપનીઓમાં કામ કરતાં કર્મચારીઓ એવો આગ્રહ રાખે કે અમારો રીપોર્ટ નેગેટીવ આવે તો અમે જોબ પર જઈ શકી. પણ એવું નથી. રિપોર્ટ ૧૪ દિવસ પછી તમને કોઈ તકલીફ ના હોય તો તમે જોબ પર જઈ શકો.

- shraddhablood@gmail.com

ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા

ગિરનારના ડોલીવાળાઓને વૈકલ્પિક રોજગારી આપવાના આયોજન

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સરકારે રાજ્યમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરવા તથા તેમની સુખ સુવિધામાં વધારો કરવા માટે નિયમિત ધોરણે પ્રવાસન સ્થળો, યાત્રા ધામો અને જે તે વિસ્તારના લોકોની સુખાકારી માટે હંમેશા પ્રયત્નો કર્યા છે. ગુજરાત રાજ્યના પ્રવાસન અને મત્સ્યોદ્યોગ મંત્રી જવાહર ચાવડા દ્વારા મેયર તથા અન્ય મહાનુભાવીઓની ઉપસ્થિતિમાં આજ રોજ જુનાગઢના ગિરનાર પર્વતના ડોલીવાળાઓ માટે વૈકલ્પિક રોજગારીનું સાધન મળી રહે તે હેતુથી દુકાન અને સંલગ્ન વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવા માટેના આયોજનનું ખાતમૂહર્ત કર્યું હતું.

ગુજરાતમાં ખુબ જ મોટી સંખ્યામાં દેવસ્થાનો આવેલા છે અને તેની મુલાકાતે આવનાર શ્રદ્ધાળુઓનો આંકડો પણ ખુબ જ મોટો છે. દેશ-વિદેશથી આવનાર પ્રવાસીઓ માટે ગુજરાતમાં ફરવાલાયક સ્થળો પૈકી ચારમાંથી એક સ્થળ ધર્મસ્થાન હોય છે તેમ કહીયે તો પણ ચાલે અને આ જ મહત્વને ધ્યાનમાં રાખીને ગુજરાત પ્રવાસન વિભાગે તેને વધુ સુગમ્ય અને સુલભ બનાવવા અવાર-નવાર પ્રયત્નો હાથ ધર્યા છે અને આ પ્રયત્નોના ભાગરૂપે જુનાગઢના ગિરનાર ખાતે ડોલીવાળાઓને દુકાનો સાથેની અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ સુવિધાઓ ડોલીવાળાઓને અન્ય રોજગારીની તકો પણ પુરી પાડશે જે તેમને આત્મનિર્ભર બનવામાં પણ મદદરૂપ થશે.

ગુજરાતમાં જ્યારે પણ ધાર્મિક સ્થળોની વાત આવે ત્યારે જુનાગઢ સ્થિત ગિરનારનો ઉલ્લેખ ચોક્કસપણે થાય છે અને તેની મહિમા વિશે વિશ્વભરમાંથી આવતા દરેક પર્યટક જાણકાર છે. જુનાગઢ ખાતે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે જેમાં ગિરનારની તળેટી ખાતે ૧૦૦થી વધુ દુકાનો, ટોયલેટ બ્લોક (પુરુષો અને સ્ત્રીઓ), પીવાના પાણીની સુવિધા તથા ઈલેક્ટ્રીફિકેશન જેવી પાયાની સુવિધાઓનો સમાવેશ થાય છે.આ સુવિધાઓ પાચલ ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા લગભગરૂ.૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

'હેપ્પી બર્થ ડે ગાંધીનગર' લખેલા માસ્ક પહેરીને સાહિત્યસભાના સૌ સભ્યોએ બર્થ ડે વિશ કરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ગાંધીનગર શહેરના જન્મદિવસની અનોખી રીતે શુભકામનાઓ આપવામાં આવી હતી. 'હેપ્પી બર્થ ડે ગાંધીનગર' લખેલા માસ્ક પહેરીને ગાંધીનગર સાહિત્યસભા કારોબારીના ચાર સભ્યોએ જીઈબી ખાતે જઈને ગાંધીનગર શહેરને ગાંધીનગર સાહિત્યસભા વતી હેપ્પી બર્થ ડે કહ્યું હતું. રજી ઓગસ્ટ ૧૯૬૫ના રોજ જી.ઈ.બી ખાતે ગાંધીનગર શહેરની પ્રથમ ઈંટ મૂકવામાં આવી હતી. એ જગ્યાએ અત્યારે ગેસ્ટ હાઉસ બનેલું છે. ગાંધીનગરની એ તકતી ત્યાં હાજર છે. પ્રતિવર્ષ ત્યાં જઈને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને સહયોગી સંસ્થાઓ ગાંધીનગરનો જન્મ દિવસ બર્થ ડે કેક કાપીને ઊજવે છે. પરંતુ આ વખતે કોરોના વૈશ્વિક મહામારીના કારણે ત્યાં જાહેર કાર્યક્રમ યોજાઈ શકે તેમ નહોતો.

ત્યારે ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત, મહામંત્રી રમેશ ઠક્કર, કવિ રમણભાઈ વાઘેલા અને કાયદા નિષ્ણણાતઅશ્વિન ત્રિવેદીએ ત્યાં જઈને ગાંધીનગર શહેરને શુભકામનાઓ આપી હતી. સૌએ પોતાનાં શુભેચ્છા સંદેશ આપી શહેર પ્રત્યે લાગણી વ્યક્ત કરી હતી. સાહિત્યસભા સાહિત્ય સાથે શહેર સાથે સંકળાયેલી શહેરની પ્રવૃત્તિઓમાં પણ સહભાગી થાય છે. આવનારા સમયમાં ગાંધીનગર સાહિત્યસભા ગાંધીનગરના લોકો માટે વૈવિધ્યસભર સાહિત્યના કાર્યક્રમોમાં કરશે એવો નિર્ધાર પણ ગાંધીનગરના જન્મદિવસે વ્યક્ત કરવામાં આવ્યો હતો. મજાની વાત એ હતી કે અહીં આવેલા દરેક ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોએ હેપી બર્થ ડે ગાંધીનગર લખેલો માસ્ક પહેર્યો હતો કે જે ચંદ્રેશ સોની દ્વારા બનાવવામાં આવ્યો હતો. જે સૌમાં એકદમ અલગ તરી આવતો હતો. ગાંધીનગર સાહિત્યસભાનો આ ઈનોવેટિવ આઈડિયા સૌને પસંદ પડ્યો હતો.

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં બાળકોની સર્જનાત્મકતાને પ્રોત્સાહન મળે તે હેતુથી ઓનલાઈન રાખડી તથા ડીશ ડેકોરેશન નો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં વિવિધ પ્રકારની સામગ્રીઓનો ઉપયોગ કરીને ડિશ ડેકોરેશન તથા સુંદર મજાની અવનવી વેરાયટી માં બાળકોને ગમે તેવી રાખડી બનાવતા શીખવવામાં આવ્યું હતું. અને બાળકોએ આ મુજબ ડીશ ડેકોરેશન તથા સુંદર રાખડીઓ જાતે બનાવી હતી. માયા મેડમ ના માર્ગદર્શન હેઠળ આ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. અત્યારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બહારથી રાખડી ખરીદવા ના જઈ શકાય જેથી કરીને ઓનલાઈન વર્કશોપ દ્વારા બાળકો ને ઘરે જ રાખડી બનાવતા શીખવવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ખુબ ઉત્સાહથી ભાગ લઈ ડીશ ડેકોરેશન કરી મનગમતી રાખડીઓ બનાવી હતી અને આ વર્કશોપ ને સફળ બનાવ્યો હતો.

રક્ષાબંધનની ઉજવણીમાં કોરોના માટે સજાગતા..!

રક્ષાબંધન ના એક દિવસ પહેલા એટલે રવિવારે જ જાહેર રજાનો સદુપયોગ કરી કેટલીક બહેનોએ ભાઈને રાખડી બાંધી રક્ષાબંધન ઉજવી હતી.નારણપુરામાં રહેતા મનહરસિંહ વાઘેલાને તેમના બહેન કલ્પનાબેન ચાવડાએ(આજોલ ગામ) રોગપરતિકારક શક્તિ વધે તે માટે આયુર્વેદિક ચ્યવનપરાસ,ગોળી, સેનેટરાઈઝની ભેટ ભાંઈને આપી રાખડી બાંધી કોરોના અંગે જાગરુતતા બતાવવાનો સરાહનીય પ્રયાસ કલ્પનાબેન ચાવડાંએ કર્યો છે!!

ગાંધીનગર ગુજરાતનું એ-૧ સીટી છે
નામ છે ગાંધીનગર, ગુજરાતનું છે પાટનગર
ગુજરાતના વહીવટ કાજે
કર્મચારીઓ વસતા'તા
ધીમે ધીમે વિકાસ થતાં
ધંધાદારીઓ આવ્યા'તા
નવો નોકરિયાત જ્યારે
ગાંધીનગરમાં આવે છે.
કહે છે આ તો જંગલ જેવું
આમાં કેમ રહેવાશે ?
બે-ચાર વરસ પછી જ્યારે
એ જ માણસ મળે છે
કહે છે આ તો શાંતિનગર
આવું ક્યાંક ન ફાવે
આમ કરતાં માણસ જ્યારે
દસકો પસાર કરે છે
દસકા પછી એજ માણસની
બદલી જ્યારે થાય છે
એના જ મોઢેથી ત્યારે
એના જ શબ્દો હોય છે
ગાંધીનગરમાં રહ્યા પછી
બીજે કેમ રહેવાશે ?
નૈસર્ગિકતા માણ્યા પછી
કૃત્રિમતા કેમ સહેવાશે ?

- લલીતા કમલેશ પટેલ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ૧૨મા સ્થાપના દિનની રંગેચંગે થયેલી ઉજવણી

ગાંધીનગર, તા. ૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના ૧૨મા સ્થાપનાદિનની ૩૧ જુલાઈના રોજ રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૧૧ વાગ્યે આયોજિત યજ્ઞમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદ પ્ર. શાહે પત્ની શ્રીમતી સ્મિતાબહેન શાહ સાથે પવિત્ર યજ્ઞ-આહુતિ આપી હતી. આ સમયે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પરિવારના તમામ સભ્યો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત નવી ત્રિમાસિક જર્નલ 'નવોન્મેષ'નું વિમોચન કરવામાં આવ્યું. તદુપરાંત યુનિવર્સિટીના વિવિધ સ્તરના અભ્યાસક્રમોના ઑર્ડિનાન્સ અને વર્ષ ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ પણ પ્રકાશિત કરવામાં આવ્યો. યુનિવર્સિટીની પરીક્ષાઓનું પરિણામ પણ આજે જ જાહેર કરી દેવામાં આવ્યું અને ૩૫ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની જાહેરાત પણ આજે અખબારોમાં પ્રસિદ્ધ કરવામાં આવી.

સ્થાપનાદિનની ઉજવણી પ્રસંગે આયોજિત ઉદઘાટન અને વિમોચન સમારંભમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ, કુલસચિવ શ્રી ડૉ. અશોકભાઈ પ્રજાપતિ તથા આમંત્રિત મહેમાન અને કામધેનુ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને વિસ્તરણ નિયામક ડૉ. પ્રવીણભાઈ વાટલિયાએ મનનીય પ્રવચન કરી ઉપસ્થિત લોકોનું માર્ગદર્શન કર્યુ કર્યુ હતું.

સંપૂર્ણ કાર્યક્રમ માત્ર યુનિવર્સિટીના સ્ટાફ પૂરતો મર્યાદિત હતો અને વર્તમાન પરિસ્થિતિના અનુસંધાને બધા જ નીતિનિયમોનું આગ્રહપૂર્વક પાલન કરવામાં આવ્યું હતું.

વૃક્ષારોપણ દ્વારા પોતાનો તથા માતૃભૂમિ એવા ગાંધીનગરના જન્મદિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨

૨જી ઓગસ્ટના દિવસે સેક્ટર ૪, પ્લોટ નંબર ૩૧૨ ગાંધીનગર ખાતે શ્રી શૈલેષ એમ મજમુદાર જેઓ કાયદા વિભાગમાં સેકશન ઓફિસર તરીકે કામ કરે છે. જે હોય આજે પોતાના જન્મદિવસને ખૂબ વિશિષ્ટ રીતે ઉજવવા તેમણે ૧૦ જેટલા વૃક્ષો વાવી તેમનું જતન કરવાના શપથ લીધા.. આ કામ માટે તેમના ધર્મપત્ની શ્રી મમતાબેન મજમુદાર તથા પરિવારના સભ્યો સાથે મળી આ દિવસની વિશિષ્ટ બનાવવા વૃક્ષારોપણ કર્યું તેમજ ૨જી ઓગસ્ટના ગાંધીનગરના જન્મદિવસને ઉજવી પુનઃ ગાંધીનગરને રળિયામણું બનાવવાના ઉદ્દેશથી આજનો દિવસ તેમને વિશિષ્ટ બનાવ્યો જે બદલ તેમને જન્મદિવસની શુભકામનાઓ તથા તેમના આવા ઉત્કૃષ્ટ વિચારો સેવાભાવી હૃદયની લખ લખ શુભકામનાઓ..

જન્મદિને વધામણી

મિલિન્દ અમીન
મો. ૯૮૨૫૬ ૯૩૩૩૨



સ્મિત પટેલ
મો. ૯૮૨૪૦ ૮૨૪૧૬

શીતલબેન રમેશભાઈ પરમાર

જયનીલ જયેશકુમાર જોષી

બાબુલાલ જે સુથાર
મો. ૯૮૨૫૩ ૬૦૮૨૩

બુદ્ધ ઉજ્જવલ પી
મો. ૯૪૨૭૯ ૭૨૨૭૦
૦૨-૦૮-૨૦૨૦ના જન્મદિવસ

મજમુદાર શૈલેષભાઈ એમ
સેકશન અધિકારી, કાયદા વિભાગ

ભટ્ટ દર્શ ચેતનભાઈ
મો. ૬૩૫૧૦ ૨૦૦૬૭

પરમાર દિનેશભાઈ જી
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮

દિપક મુલારુ
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ઓફિસર